

આદિવાસી સમાજ પર કરેલી ટિપ્પણી બાદ ચોમેર ભારે ફિટકાર

SOUના ડેપ્યુટી કલેક્ટર નિલેશ દૂબે અંતે સસ્પેન્ડ

ચાર દિવસથી આદિવાસી સમાજમાં રોષ, એટ્રોસિટી એક્ટ મુજબ ફરિયાદ નોંધવા માગ

। કેવડિયા કોલોની ।

સ્ટેચ્યૂ ઓફ યુનિટીના ડેપ્યુટી કલેક્ટર નિલેશ દુબેને આદિવાસી સમાજની અપમાનજનક ટિપ્પણી મુદ્દે સસ્પેન્ડ કરાયા હતા. સ્ટેચ્યુ ઓફ યુનિટીના ડેપ્યુટી કલેક્ટર નિલેશ દુબે દ્વારા આદિવાસી સમાજની અપમાનજનક ટિપ્પણી કરવામાં આવી હતી જે ટિપ્પણીને લઈને સમગ્ર આદિવાસી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો અને છેલ્લા ચાર દિવસથી આદિવાસી સમાજ ભારે વિરોધ કરી રહ્યો હતો અધિકારી સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવે, સાથે-સાથે એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોંધવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

સમગ્ર ઘટનાને લઈને આદિવાસી સંગઠનો, નેતાઓ, કોંગ્રેસ હોય કે ભાજપ હોય કે અન્ય રાજકીય પક્ષોએ તમામ તેમજ આદિવાસી સમાજના સામાજિક સંગઠનો ભારે વિરોધ કરી ડેપ્યુટી કલેક્ટર નિલેશ દુબેની સામે શિક્ષાત્મક પગલાં લેવાની માંગ કરી રહ્યા હતા.

જેને પગલે રાજ્યના પૂર્વ આદિજાતિ મંત્રી અને ધારાસભ્ય ગણપત વસાવાએ પણ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી હતી કે, ડેપ્યુટી કલેક્ટર નિલેશ દુબેની ટિપ્પણીથી આદિવાસી સમાજની લાગણી દુભાઈ છે, જેથી પગલા લેવામાં આવે ! ત્યારે ચારે કોરથી દબાણ થતાં સરકારે આખરે પગલાં લીધા છે અને હાલમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના ડેપ્યુટી કલેક્ટર નીલેશ દુબેને સસ્પેન્ડ કરી ભાવનગર ખાતે બદલી કરવામાં આવી છે. બીજી તરફ આદિવાસી સમાજની હજી એક માગ કાયમ છે કે તેઓની સામે એટ્રોસીટી એક્ટ મુજબ ગુનો નોંધવામાં આવે !

અત્રે ઉલ્લેખનીય છે કે ઓડિયો ક્લિપ વાઈરલ થઈ હતી, જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના ડેપ્યુટી કલેક્ટર નિલેશ દુબે બોલી રહ્યા છે કે, યે આદિવાસી લોગ હૈ, જિન્કો ખાના નહીં મિલતા થા, ચડ્ડી પહેન કે રોડ પે ઘુમતે થે ઔર જડીબુટ્ટી ખાતે થે.

અબ નોકરી લગ ગયા પેન્ટ શર્ટ પહનને લગે હૈ, યે જંગલ મેં જડી બુટ્ટી ખાને વાલે લોગ હૈ, ઈનકો થોડા ભી તહેજીબ નહિ હોતા હૈ. મેં સમજા દૂંગા.

સંદેશ ક્લાસિફાઈડ
નોકરી વિષયક । ધંધાકીય । શૈક્ષણિક । ઔષધ ઉપચાર । પ્રોપર્ટી । અન્ય

પ્રોપર્ટી
વેચવાનું છે.
Industrial Galas Available for Sale. SHREE SAI INDUSTRIAL ESTATE. Off. Demni Road, Canal road, Near Khandelwal Laboratories, Dadra. Ground plus 1st floor admeasuring approx. 3600 sq.ft. each Ground floor height- 20 ft. First floor height- 14 ft. Contact:09820081125/ 09324424443. 0040239374

શૈક્ષણિક
સ્કૂલો અને સામાજીક સંસ્થાઓને તેમના નામથી નોટબુક્સ બનાવી આપીશું. 9099944420, 9377711140 0040238331
વર્ષ બચાવો ધોરણ 10- 12 તમામ બેચલર/ માસ્ટર ડિગ્રીની પરીક્ષા. 9328015989 0040240171

નોકરી ખાલી છે
વિવિધ
બિનઅનુભવી ૧૨ પાસ છોકરા બેક ઓફીસ વર્ક માટે જોઈએ છે. આકર્ષક પગાર મળો. RJ INVEST 118 વેલેન્ટીનો, INS હોસ્પીટલની બાજુમાં રોકડીયા હનુમાન મંદીર પાસે, ખટોદરા ઉધના સુરત 0040239529
જોઇએ છે આઇસ્કીમ પાર્લર માટે દુકાન તથા સ્ટાફ હેન્ડલ કરી શકે તેવા મેનેજર, ઇંગ્લીશ, હિન્દી, ગુજરાતી આવડવું જરૂરી V I P, વેસુ માટે કોન્ટેક ટાઇમ- 10થી 8 અમીતભાઇ- 9320392326 0040239888
Chemical Company Need Export Import Manager Sales Back office, English Medium Staff, Salary 20,000/- 40,000/- 8128987088 0040240035
જોઈએ દવા બનાવતી કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર (સેલેરી 10,000/- 25,000/-) પેકીંગ બોય, રિસેપશનિસ્ટ એકાઉન્ટન્ટ 9714752679 0040240069

અગત્યનું સૂચન
વિજ્ઞાપનદાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતા પહેલા, વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. અમો વિજ્ઞાપનદાતાની ઉંમર, આવક, દરજ્જો કે અન્ય કોઇપણ વિગત, સાચી અથવા ખોટી હોવા અંગે બાંહેધરી લેતા નથી. - જા.ખ. મેનેજર

મેડીકલ
જોઈએ છે છોકરી ડેન્ટલ ક્લીનીક માટે સીટીલાઈટમાં કોન્ટેક્ટ 9537133482 0040240093

માર્કેટીંગ અને સેલ્સ
રેડીમેઈડ શોપ ઉધના માટે અનુભવી/ બિનઅનુભવી સેલ્સમેન/ સેલ્સગર્લ જોઈએ. 8805335533. 0040240208

ઓફિસ સ્ટાફ
Mobile work જોઈએ છે બેરોજગાર છોકરા- છોકરીઓ, સેલેરી 15000. 7247758342. 0040239964

સિક્યુરીટી
સિક્યોરિટી જોબ માટે સંપર્ક કરો અડાજણ, સુરત 8347007777, 8347027777 0040240294

અન્ય
આયુર્વેદિક કંપની શિક્ષિત બેરોજગાર મહિલા, પુરુષ, છોકરીઓ, ગૃહિણી. ઘરે બેઠા ઔષધિ પેકિંગ કરીને 60,000- 95000 કમાઓ. એનઓસી ચાર્જ 2150. Whatsapp. 9535864416. 0040239744
પાર્ટ/ ફુલ ટાઇમ ઘરે બેઠા ઔષધિ પેકિંગ 60,000- 90,000 NOC Charge 2150. 8769363783. 0040239749
આયુર્વેદિક કંપની શિક્ષિત બેરોજગાર, મહિલાઓ, પુરૂષો, છોકરીઓ, ઘરે બેઠા દવા પેકીંગ કરીને દર મહિને 60000/-થી 95000/- કમાઓ. NOC ચાર્જ ફરજિયાત 2150/-, સંપર્ક: 7407749764. 0040240271
આયુર્વેદિક કંપની શિક્ષિત બેરોજગાર છોકરા- છોકરીઓ, ગૃહિણીઓ/ પુરૂષો ઘરે બેઠા દવાઓ પેકીંગ કરીને કમાઓ 25,000- 60,000 મહિને NOC- 2150/- સંપર્ક કરો. 9836532456. 0040239967

વ્યવસાયલક્ષી
કોમ્પ્યુટર
ઘરેબેઠા PART TIME કોમ્પ્યુટર પર ટાઈપીંગ કરી 5000, 25000 કમાવો. લીગલ એગ્રીમેન્ટ સાથે 8460480950 0040239165

ફાયનાન્સ
જનલક્ષ્મી ફાયનાન્સ આધારકાર્ડ પર્શનલ પ્રોપર્ટી બિઝનેસ તમામ લોન. 7017352259, 9368787550. 0040239764
મહાલક્ષ્મી ફાયનાન્સ 1% વ્યાજ, 50% છુટ, 15 કલાકમાં લોન. 9528422235. 0040240164

ઈન્સ્ટન્ટ લોન, પર્સનલ લોન ફક્ત 30 મિનિટમાં કરી આપીશું. પાનકાર્ડ, આધાર કાર્ડ, પાસબુક ફરજીયાત. 6352127370 0040238326
મહાકાલી ફાયનાન્સ 1% વ્યાજ 50% સબસિડી 100% ગેરંટી. 15-9310473448. 0040240110
મુદ્રા ફાયનાન્સ 1% વ્યાજ 50% છુટ 15 કલાકમાં લોન. 8433078788. 0040240159

ટ્રાવેલ એન્ડ ટુર
ગોવા- મહાબળેશ્વર, પંચગીની એપ્રિલ 26, પૂજા ટ્રાવેલ્સ, ગોપીશેરી, સુરત 9825567760 0040239399
જય જલારામ ટ્રાવેલ્સ (સ્લીપર બસ) નેપાળ- ગંગાસાગર- જગન્નાથપુરી- દાર્જીલીંગ- કામાખ્યાદેવી- દિવસ- 20 (10- એપ્રિલ) ચારધામ- ગંગોત્રી- યમનોત્રી- બદરીનાથ- કેદારનાથ દિવસ- 16 (7- મે) મોરાભાગળ 9913762527 0040239369
શિવ શકિત ટ્રાવેલ્સ (8799456680, 9824155947) તારીખ 7, 14, 21, 28 રાત્રે સ્લીપર કોચ (શ્રીનાથજી, સુન્ધામાતા, અંબાજી, આરાસના, ડાકોર દિવસ- 3) (મહાલક્ષ્મી, સપ્તશૃંગી, શીરડી, શનિદેવ, નાશિક દિવસ- 3) (ચોટીલા, બહુચરાજી, મોઢેશ્વરી, ઉમિયામાતા, અંબાજી, સાળંગપુર, વિરપુર દિવસ- 3) મળો. ભાગળ, અંબાજી રોડ, ચોર્યાસી ડેરી, અંબાજી મંદિર, સુરત. 0040239949
સાંઇ ટ્રાવેલ્સ ઉજ્જૈન, ઓમકરેશ્વર દિવસ 3, 08/ 04, સૌરાષ્ટ્ર દિવસ. 4, 12/ 04. 7878674257 0040239956
જય ભવાની ટ્રાવેલ્સ કાશ્મીર, વૈષ્ણોદેવી અમૃતસર દિવસ- 15, 10 એપ્રિલ, ચોક્કસ ઉપડશે, સ્લીપરબસમાં. હિતેશભાઇ- 9898883435 0040239965
સીમલા, મનાલી, ધરમશાળા, ડેલહાઉસી, અમૃતસર 27- 04 દિવસ- 12 (18500/-) ચારધામ યાત્રા 19500/- + રેલ્વે 01- 06. સંપૂર્ણ દક્ષિણ ભારત 27- 04 દિવસ- 15 (8866019000) 0040239944

રિપેરીંગ સર્વિસ
ALL PANEL રીપેરીંગ L E D, ફ્રિઝ, AC, વોશીંગ મશીન, માઈક્રોવેવ. સાંઇ ઈલેક્ટ્રોનિક્સ. 9825417742 0040239946
ઈલેક્ટ્રોનિક એન્જીનિયર 27 વર્ષ જુના લેટેસ્ટ ટેકનોલોજીના ફ્રીઝ વોશિંગ મશીન માઈક્રોવેવ ઘરઘંટી રિપેરિંગ નિમેષભાઇ 9904960460, 9925890932 0040239968

ઘરબેઠા તાત્કાલિક TV, L E D રીપેરીંગ ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ. વિનોદ રેડિયો, લાલદરવાજા 9328436184 0040239948
ફક્ત 50 રૂપિયામાં ફ્રિઝ વોશીંગ મશીન ઘરબેઠા રીપેરીંગ. અજય- 9428480273 0040238657

બ્યુટી પાર્લર
તન્વી મસાજ NRI મોડલ હાઈપ્રોફાઈલ 101% સર્વિસીસ15000 ગેરેન્ટેડ. 8097768590. 0040239110
Priya Massage 15000- 20000 Daily Male/ Female Call. Whatsapp. 9389525534. 0040239787
Pooja Massage, NRI કોલેજીયન 20,000- 25000 કમાઓ Registered Whatsapp. 7621950527. 0040239850
Kanchan VIP મસાજમાં NRI, કોલેજીયન 20,000- 25000 કમાઓ. Whatsapp. 7984454814. 0040239734
ગંગા મસાજ હાઈપ્રોફાઈલ સાથે ગેરેન્ટેડ 10,000થી 15000 કમાઓ. 8674946325/ 9723599515. 0040239985
ગેલેક્ષી પાર્ટ ટાઇમ, હાઉસવાઈફ NRI, મોડલ સાથે મીટીંગ ડેટિંગ 15000- 25000 કમાઓ. 7043061715, 7043061724. 0040240047

પેસ્ટ કંટ્રોલ
ઊધઇ પેસ્ટ કંટ્રોલ ટ્રીટમેન્ટ, લેખિત વોરંટી મનુકાકા 9825066396, 9978487141 0040240005
Sainath Pest Control Gumasta Licence ઉધઈ, માંકડ, વાંદા Riteshbhai 9825859642 0040240002
ઊધઇ પેસ્ટ કંટ્રોલ ટ્રીટમેન્ટ લેખિત વોરંટી રશ્મિબેન- 9662140266, 9265595929 0040239371
CM PEST CONTROL લાઈફ ટાઈમ ગેરંટીથી ઉધઈની ટ્રીટમેન્ટ 9377672958, 9374726017 0040238394
ધનલક્ષ્મી પેસ્ટ કંટ્રોલ ગુમાસ્તા લાઈસન્સ ઉધઈ, માંકડ, વંદા વગેરે ઉદયભાઇ 7778855699 0040239349

જ્યોતિષ
ઓલ ઇન્ડિયા ખુલ્લો ચેલેન્જ
૫ ધર્મના માહિર, દરેક સમસ્યાઓનું ઘરબેઠા ૧૦૦% ગેરંટીથી સમાધાન
ધંધોમાં રૂકાવટ, લગ્નમાં રૂકાવટ, લવમેરેજ, વિદેશ યાત્રા, ગૃહકલેશ, કોઇનું કરેલુ, નોકરી, પતિ-પત્ની અણબનાવ, શૌતન-દુશ્મનથી છુટકારો
વશીકરણ-મુઠચોટના સ્પેશ્યાલિસ્ટ
નોંધ : જો કોઇનો પતિ, પ્રેમી, દિકરો કોઇના વશમાં હોય તો અમને અવશ્ય ફોન કરો.
તંત્ર મંત્રના સમ્રાટ
બાબા રીઝવાન ખાન
અમદાવાદ.
©9599235042

માઁ બગલામુખી જ્યોતિષ ઉપાસક
૧૦૧% કામની ગેરંટી - રૂબરૂ મળો
શું તમારો છોકરો કે છોકરી કોઈના પ્રેમમાં પડેલા છે? કોઈના વશમાં છે? હસ્તરેખા જન્માક્ષર, છૂટાછેડા, પતિ-પત્ની કુશંકા લવ પ્રોબ્લેમ, મેલીવિદ્યા, પતિદુખ, મૂઠ સૌતનત્રાસ, લગ્ન-સગાઈમાં રૂકાવટ ઘરકંકાશ, બીમારી, ફસાયેલા નાણાં
ખવડાયેલા-પિવડાયેલાનું સચોટ નિવારણ
નિરાશ લોકો ખાસ મળો ફી-૧૦૦
પરશુરામ ગાર્ડન, અડાજણ, સુરત
©9157999811

સમસ્યા ગમે ત્યાં સમાધાન તો અમારે ત્યાં જ
2 કલાકમાં 100% સમાધાન
વ્યવસાયિક પ્રોબ્લેમ, ગૃહકલેશ, લગ્નમાં રૂકાવટ, લવમેરેજ, વિદેશયાત્રા તથા સૌતન દુશ્મનથી છુટકારો, જાદુ-ટોના, ગુમધન, જુગાર-સટ્ટા, કોઇનું કરેલું, પતિ-પત્ની અણબનાવ નોકરી, કોર્ટકેસ, શારીરિક કષ્ટ વગેરે
વશીકરણ, મુઠચોટ સ્પે.
મારૂ કરેલુ કોઇ તોડી શકે નહી, મારાથી પહેલા કરનારને માં માગ્યુ ઇનામ
બાબા હસન અલી
રિલીફ રોડ, ઝકરીયા મસ્જીદ
©8860639444

સાંઈ અઘોર કાલિકા જ્યોતિષ
(૪૦ વર્ષોથી સુરતમાં સ્થાયી)
(100% ગેરંટી ચેલેન્જ સાથે કામ)
લવ પ્રોબલમ, પ્રેમમા દગો, સૌતન-દુશ્મનથી મુક્તિ, પતિ-પત્ની ના ત્રાસ, છુટકારો, પ્રેમી-પ્રેમિકા વશ, ફેમિલી પ્રોબલમ, છુટાછેડા, મહામોહની વશીકરણ, સ્પે., મેલીવસ્તુ, શ્મશાનિક, નૂરી હુજુરી સિફલી ઇલમનાં વિશેષ જાણકાર
મૂઠચોટ અને ગુપ્ત ધન સ્પે.
મજુરાગેટ, સુરત. M:94271 37879

વિશારદ જ્યોતિષ (વાપી) લવ પ્રોબ્લેમ, શત્રુનાશ, મેલી વસ્તુ, પ્રોપર્ટી, સંબંધીત સમસ્યા જીવનની A to Z સમસ્યાનું 101% ગેરંટીથી તાત્કાલીક નિકાલ. 7434893844. 0040238307
સાત શક્તિઓ દ્વારા વશીકરણ મનપસંદ પ્રેમ, પ્રેમ વિવાહ, ઘરવાળાને ખુશ કરવા, મુઠચોટ, સૌતન દુશ્મન છોડાવો. 9878873698. 0040238574

ઔષધ ઉપચાર
સેક્સ પ્રોબ્લેમ ઢીલાપણું, શીઘ્રપતન, ડાયાબીટીસ, નપુંસકતા, આડઅસર વગરની ભારત જર્મનીની પાવરફુલ દવા કેર ક્લીનીક, નાનપુરા. 9426393813 0040239508

ધંધાદારી
હિંચકાના કડાં તોડફોડ કર્યા વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફીટીંગ: 9099663638 0040240186
હિંચકાના કડા ૮૦૦ જોડીના, ડબલ બોલબેરીંગ, તોડફોડ વગર ફિટીંગ 9725341932 0040240188
ફોલ્ડીંગ ટોઇલેટ ઘડપણમાં સંડાસમાં, ઊંચેથી બેસવા મજબૂત ફીટીંગ સુરેશભાઇ 9824122117 0040238966
કબુતર, મચ્છર જાળી ઘરેબેઠાં ફીટીંગ રોયલ નેટ- સ્પાઈક 9737166947, 8758533196 0040239336

યુકે જતી ફ્લાઇટ કેન્સલ થતાં ૨૧૩ મુસાફરો રઝળી પડ્યા

। અમદાવાદ ।

એરઈન્ડિયાની અમદાવાદથી યુકેની ફ્લાઈટ શનિવારે સવારે ૬ વાગે ઉપડવાની હતી, પરંતુ ટેકનિકલ ખામી સર્જાતા યુકેથી ફ્લાઈટ અમદાવાદ નહિ આવતા ૨૧૩ પેસેન્જરો એરપોર્ટ પર રઝળી પડ્યા હતા. એર ઈન્ડિયાના મિસ મેનેજમેન્ટ સામે મુસાફરોએ રોષ ઠાલવ્યો હતો. એરલાઈન્સ સ્ટાફ અને પેસેન્જરો વચ્ચે રકઝક થઈ હતી. એક બાજુ એરઈન્ડિયાએ ટ્રાવેલ એજન્ટોને બુકિંગ બંધ કરી દેતા વિવાદ ચાલી રહ્યો છે ત્યારે એરઈન્ડિયાના આવા મેનેજમેન્ટ સામે પેસેન્જરોએ રોષ ઠાલવ્યો હતો. પેસેન્જરોની એવી રજૂઆત હતી કે, જો યુકેથી ફ્લાઈટ આવવાની ન હતી તો અમને અગાઉથી જાણ કરવી જોઈતી હતી. હવે એરપોર્ટ પર આવી ગયા પછી અમે ક્યાં જઈએ. છેવટે બહારગામના ૫૦ પેસેન્જરોને હોટલમાં સ્ટે આપવામાં આવ્યો હતો, જ્યારે બાકીના પેસેન્જરોને પરત તેમના ઘરે જવું પડ્યું હતું. રાત્રે નવ વાગે ફ્લાઈટ આવી જતા પેસેન્જરોને જાણ કરીને એરપોર્ટ પર બોલાવી લેવાયા હતા. વહેલી સવારથી પેસેન્જરો એરપોર્ટ પર આવી ગયા અને ફ્લાઈટ જ નહિ આવતા પેસેન્જરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

વડોદરામાં કોન્સ્ટેબલે વિદ્યાર્થીને ગુપ્તભાગે લાત મારતાં રોડ પર પટકાયો

। વડોદરા ।

પોલીસ પ્રજાનો મિત્ર છે, તેવો અહેસાસ કરાવવા સરકાર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ પ્રયત્નો કરાઈ છે, પરંતુ શક્તિસિંહ જેવા પોલીસ કર્મીઓ ખાખી વર્ધીના નશામાં છાટકા બની તેના પર પાણી ફેરવી રહ્યાં છે. શક્તિસિંહે સગીર વિદ્યાર્થીનો હાથ મચકોડી દીધો હતો. ત્યારબાદ તેને ગુપ્ત ભાગે લાત મારતાં રોડ પર પડી ગયો હતો. જેથી વિદ્યાર્થીને હાથમાંથી લોહી નીકળતાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં તેને હાથ પર પાટો બાંધવો પડ્યો હતો. કોન્સ્ટેબલ શક્તિસિંહ પાવરા પાંચ વર્ષ ઉપરાંતથી છાણી પોલીસ સ્ટેશનમાં ચીપકી રહ્યો હતો. અગાઉ પણ તેની બુમો ઉઠતાં શક્તિસિંહને પીસીઆર વેનમાં ડ્રાઈવર તરીકે નોકરી આપવામાં આવી હતી, તેમ છતાં તેના વર્તનમાં કોઈ સુધારો થયો ન હતો. નંદેસરીમાં રહેતાં ધો.૯ના ૧૩ વર્ષના વિદ્યાર્થીને કોન્સ્ટેબલ શક્તિસિંહે લાતો અને લાફા માર્યા હોવાના સીસીટીવી ફૂટેજ સામે આવતાં ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો હતો. ગ્રામજનો ટોળું બની નંદેસરી પોલીસ મથકે પહોંચ્યા હતા. અને કોન્સ્ટેબલને ડીસમીસ કરવા માંગ કરી હતી.

PSIના સ્વાંગમાં ગઠિયાએ ૪.૨૧ લાખ ઉપાડી લીધા

। વડોદરા ।

મધ્ય પ્રદેશ જબલપુરથી રેલ મુસાફરી કરીને અમદાવાદ જઈ રહેલાં બિઝનેસમેનનો મોબાઈલ ફોન ચોરાઈ ગયો હતો. જે ચોરાયેલા ફોન નંબર ઉપરથી વળતો ફોન કરીને આર.પી.એફ. મેઘનગર પોલીસના પી.એસ. આઈ. તરીકે ઓળખ આપીને ડેટા જાણી લેનારા ભેજાબાજે ૩૦ ટ્રાન્જેકશન કરીને બેંક એકાઉન્ટમાંથી રૂ. ૪.૨૧ લાખ ઉપરાંત પૈસા ઉપાડી લીધા હતા. આ ટ્રાન્જેકશન વડોદરામાં થયુ હોવાથી સાયબર ક્રાઈમે ગુનો રજિસ્ટર કરીને તપાસ શરુ કરી છે. આરોપી પોલીસના હાથવેંતમાં હોવાનું જાણવા મળે છે.

અમદાવાદ બોડકદેવ વિસ્તારમાં રહેતા નિલેશ ભુપેન્દ્રભાઈ વીઠલાણી (ઉ.વ.૪૭) લોજેસ્ટીકનો બિઝનેસ કરે છે. ગઈ તા.૨૧મી માર્ચે તેઓ બિઝનેસ પાર્ટનર યોગેન્દ્ર રાજ સાથે ધંધાકીય કામ માટે મધ્ય પ્રદેશ જબલપુર ગયા હતા. તા.૨૫મીએ રેલ મુસાફરી કરીને પાછા અમદાવાદ જતી વખતે વહેલી સવારના સમયે ટ્રેન છાયાપુરી સ્ટેશનથી પસાર થઈ રહી હતી. નિલેશ વીઠવાણી વોશરુમ ગયા હતા. પાછા આવ્યા ત્યા સુધીમાં મોબાઈલ ફોન ચોરાઈ ગયો હતો. મિત્ર યોગેન્દ્રના ફોન ઉપરથી નંબર ડાયલ કરતા આખી રીંગ વાગી ગઈ હતી. થોડીક વાર પછી સામેથી ફોન આવ્યો હતો અને વાત કરનાર વ્યકિતએ પોતાનું નામ આર.પી.એફ. પી.એસ.આઈ. મુકેશ શર્મા કહ્યુ હતુ અને બેંકની ડિટેઈલ જાણી લીધી હતી. અમદાવાદ પહોંચીને ફોન શરુ કરાવતાં આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાંથી મેસેજ આવ્યો હતો અને ૩૦ ટ્રાન્જેકશનમાં રૂ. ૪.૨૧ લાખથી વધુ રકમ ઉપાડી લીધી હતી.

સરકારી પ્રા. શિક્ષકોની બદલીના નિયમો દોઢ મહિના બાદ જાહેર થયા

નિમણૂકનાં પાંચ વર્ષ બાદ સરકારી શિક્ષક બદલી માટે અરજી કરી શકશે

હવે ખાલી જગ્યાના ૪૦%ને બદલે ૧૦૦% જગ્યા ઉપર બદલી થઈ શકશે

। ગાંધીનગર ।

રાજ્યના શિક્ષણ વિભાગે વિદ્યાસહાયકો-પ્રાથમિક-ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોની બદલીના નિયમો સંદર્ભે નવો ઠરાવ બહાર પાડ્યો છે, જેમાં શિક્ષક સંઘો-મહાસંઘોની માગણીના પાંચ મહત્ત્વના મુદ્દા સ્વીકારી લેવાયા છે અને એ મુજબ અત્યાર સુધી જે તે જિલ્લામાં ખાલી જગ્યાના ૪૦ ટકા શિક્ષકોને જિલ્લા ફેરબદલીનો લાભ અપાતો હતો, જે હવે ૧૦૦ ટકા ખાલી જગ્યા ઉપર જિલ્લા ફેરબદલીનો લાભ આપવાનું નક્કી થયું, જિલ્લા ફેર-અરસપરસ-જિલ્લા આંતરિક બદલીમાં અત્યાર સુધી વતનનો ક્લોઝ હતો તે દૂર કરાયો, ૧૦ વર્ષ એક જ જગ્યાએ નોકરી કરવાની શરતે જે નિમણૂકો થઈ હતી તેમાં હવે પાંચ વર્ષ બાદ શિક્ષક બદલી માટે અરજી કરી શકશે, તાલુકા બહાર બદલી થયેલા શિક્ષકો મૂળ તાલુકામાં હવે પરત આવી શકશે અને ૧૦ ટકાને બદલે એકમના ૫૦ ટકા મહેકમની પણ બદલી થઈ શકશે. આ બધા નિયમો શિક્ષકો-મુખ્ય શિક્ષકો માટે એકસરખા રખાયા છે.

છેલ્લે તા. ૨૩-૫-૨૦૧૨ના રોજ બદલીના નિયમો બહાર પડ્યા હતા, એટલે ૧૦ વર્ષ બાદ બદલીના નવા નિયમો બહાર પડ્યા છે. ગત ૧૭ ફેબ્રુઆરીના રોજ બદલીના નિયમોમાં ફેરફાર કરવાની જાહેરાત થઈ હતી, જેના દોઢ મહિના બાદ આ ઠરાવ બહાર પડ્યો છે.

આ નવા નિયમો અંતર્ગત વિધવા-વિધુર, દિવ્યાંગ, શિક્ષક દંપતી, સરકારી નોકરી કરતાં દંપતી, અનુદાનિત સંસ્થામાં નોકરી કરતા કર્મચારી, વાલ્મીકિ વગેરે કિસ્સામાં બદલીનો લાભ નોકરી દરમિયાન એક જ વાર મળશે અને ઉપરોક્ત ક્રમમાં જ બદલી માટે અગ્રતા રહેશે. આ નિયમ યથાવત્ રખાયો છે. અત્યાર સુધી જે તે જિલ્લામાં ખાલી જગ્યાના ૪૦ ટકા શિક્ષકોને જિલ્લા ફેરબદલીનો લાભ અપાતો હતો જે હવે ૧૦૦ ટકા જગ્યા ઉપર જિલ્લા ફેરબદલીનો લાભ અપાશે. જિલ્લાફેર-અરસપરસ-જિલ્લા આંતરિક અરસપરસ બદલીમાં સંબંધિત શિક્ષકોના વતન હોવા જરૂરી હતા, તે જોગવાઈ હવે દૂર કરાઈ છે.

જે સરકારી કર્મચારીઓ રાજ્યના એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં બદલીપાત્ર છે તેવા કર્મચારીઓના પતિ-પત્ની જો સરકારી શાળામાં પ્રાથમિક શિક્ષક કે મુખ્ય શિક્ષક હોય તો તેઓને પ્રતિનિયુક્તિથી મૂકી શકાશે. પતિ-પત્નીના કિસ્સાનો લાભ હવેથી અનુદાનિત સંસ્થાઓ-ગુજરાત સરકારના જાહેર સાહસો, કેન્દ્ર અને રાજ્ય સરકારની કંપનીઓના કિસ્સામાં પણ મળવાપાત્ર થશે.

શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, શિક્ષણ સંઘો-મહાસંઘોની લાગણી અને માગણી ધ્યાને લઈને આ બદલીના નિયમો ઘડવામાં આવ્યા છે, જેનો લાભ ૨ લાખ જેટલા શિક્ષકોને મળશે. અરસપરસ બદલી માટે અરજીની છેલ્લી તારીખ ૨૯મી માર્ચ હતી, તે હવે ૩મે સુધી લંબાવાઈ છે.

ફરિયાદ નિવારણ સમિતિમાં અપીલ કરી શકાશે

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ બદલીના કરેલા હુકમથી વિદ્યાસહાયક-શિક્ષક-મુખ્યશિક્ષકને નારાજગી હોય તો તે હુકમની તારીખથી ૩૦ દિવસમાં આધાર-પુરાવા સાથે રાજ્યકક્ષાની ફરિયાદ નિવારણ સમિતિને અપીલ કરી શકશે. લેખિત અરજી ત્રણ નકલમાં કરવી પડશે, જેમાં ૨ નકલ પ્રાથમિક શિક્ષણ નિયામકને અને ૧ નકલ સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-શાસનાધિકારીને આરપીએડીથી ફરજિયાત મોકલવી પડશે. પ્રાથમિક શિક્ષણ નિયામકના અધ્યક્ષસ્થાને રચાયેલી ફરિયાદ નિવારણ સમિતિમાં અધિક કે સંયુક્ત કે નાયબ સચિવ-પ્રાથમિક શિક્ષણ, નાયબ નિયામક મહેકમ અને પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના વહીવટી અધિકારી-સભ્યો તરીકે રહેશે. આ સમિતિની દર બે માસે બેઠક મળશે અને અરજી ઉપર ૪૫ દિવસમાં નિર્ણય કરવાનો રહેશે.

રાજ્યનાં શહેરોમાં કાળઝાળ ગરમીનો અહેસાસ

અમદાવાદ : માર્ચ મહિનામાં રાજસ્થાન, ગુજરાત અને મધ્ય પ્રદેશ સહિત ભારતના અનેક રાજ્યોમાં ગરમ હવા - લૂ ચાલી રહી છે. દેશમાં આ વર્ષે વધતા તાપમાને ૧૨૨ વર્ષનો વિક્રમ તોડયો છે. હવામાન વિભાગ મુજબ વર્ષ ૧૯૦૮ પછી આ વર્ષે માર્ચ મહિનો સૌથી ગરમ રહ્યો હતો. ત્યારે હિટવેવની વકી હજુ બે દિવસ રહેવાને કારણે તાપમાન વધવાની વકી છે. રાજ્યના મોટા ભાગના શહેરના તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ પહોંચી જતા બપોરના સમયે અંગ દઝાડતી ગરમીનો અહેસાસ લોકોએ કર્યો હતો.

Garden* ગાર્ડન સિલ્ક મિલ્સ પ્રાઈવેટ લિમિટેડ
(અગાઉ, ગાર્ડન સિલ્ક મિલ્સ લિમિટેડ)
ગામ : જોલવા, તા. પલસાણા, જી. સુરત.

ટેન્ડર નોટિસ

કંપનીના જોલવા પ્લાન્ટ્સમાંથી ફિનિશ ગુડસ (યાર્ન તથા ચિપ્સ) ના આઉટવર્ડ અને ઈન્ટરનલ પરિવહન માટે પ્રતિષ્ઠિત ટ્રાન્સપોર્ટરો પાસેથી વાર્ષિક કરારના ધોરણે (મે-૨૦૨૨ થી એપ્રિલ ૨૦૨૩) બિડ મંગાવવામાં આવે છે.
ફિનિશ ગુડસ, અંદાજીત લિફ્ટિંગ, લાયકાત, ઈ.એમ.ડી., ઈ બિડિંગ રિવર્સ - ઓક્શન અને પસંદગી પ્રક્રિયાની વિગતો ઓફર દસ્તાવેજમાં વ્યાખ્યાયિત કરવામાં આવી છે. જે વેબસાઈટ પર http://www.gardenvareli.com ઉપલબ્ધ રહેશે.

બિડ્સ સબમિટ કરવાની છેલ્લી તારીખ	09-04-2022
રિવર્સ - ઓક્શનની તારીખ, સમય	15-04-2022 બપોરે 02-00 કલાકે

કોઈપણ સ્પષ્ટતા મેળવવા માટે, કૃપા કરીને ઈમેઈલ કરો : piyush.patel@gardenvareli.com અથવા શ્રી સંદેશ મુધોલકર (મો. 90990-01414) નો સંપર્ક કરી શકો છો.

મુખ્ય સંચાલક અધિકારી

ભારત સરકાર, મિનિસ્ટ્રી ઓફ ફાઇનાન્સ

ઋણ વસૂલી અધિકરણ-II

ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ પાસે, પાલડી, અમદાવાદ, ગુજરાત.

सत्यमेव जयते

ફોર્મ નં. ૨૨ (અગાઉ નો ૬૨) [રેગ્યુલેશન ૩૬ અને ૩૭ ડીઆરટી રેગ્યુલેશન્સ, ૨૦૧૫]
[ઈન્કમ ટેક્ષ એક્ટ, ૧૯૬૧ના બીજા શિડ્યુલમાં નિયમ ૫૨ (૧) (૨) જુઓ]
ડેબ્ટ્સ ડ્યુ ટુ બેંક એન્ડ ફાયનાન્શિયલ ઇન્સ્ટીટ્યુશન્સ એક્ટ, ૧૯૯૩ સાથે વંચાણે લેતા

ઇ-હરાજી / વેચાણ નોટીસ

રજી. એડી / દસ્તી / અફીકસેશન / બીટ ઓફ ડ્રમ / પબ્લીકેશન દ્વારા

આરપી / આરસી નં. ૦૯/૨૦૧૯ ઓ.એ. નં. ૪૬/૨૦૧૬

સર્ટિફિકેટ હોલ્ડર બેંક : બેંક ઓફ બરોડા
વિરુધ્ધ
સર્ટિફિકેટ દેવાદારો : મે. અનમ ઈન્ડસ્ટ્રીઝ

પ્રતિ,
સીડી નં. ૧ : મે. અનમ ઈન્ડસ્ટ્રીઝ (ભાગીદારી પેઢી)
પ્લોટ નં. ૮૯, સર્વે નં. ૫૫/૩એ, સિલ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ભીમપોર ગામ, નાની દમણ-૩૯૬૨૧૦
સીડી નં. ૨ : શ્રી ઈમ્તીયાઝ ફીરોજ દયાની (મે. અનમ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર અને વ્યક્તીગત કપેસીટીમાં)
૫૫, ગોકુલનગર, ધરમપુર રોડ, ગામ અબ્રામ, જીલ્લો વલસાડ-૩૯૬૦૦૧
સીડી નં.૩ : શ્રી અનવર અબ્દુલભાઈ વિરાણી(મે. અનમ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર અને વ્યક્તીગત કપેસીટીમાં)
એ/૧૨, જગન પાર્ક સોસાયટી, કસ્ટમ રોડ, વાપી, પીન નં. ૩૯૬૧૩૧, જીલ્લો વલસાડ.
સીડી નં.૫ : શ્રી અનિષા ઈમ્તીયાઝ દયાણી
૫૫, ગોકુલનગર, ધરમપુર રોડ, ગામ અબ્રાહમ, જીલ્લો વલસાડ ૩૯૬૦૦૧

ઉપરોક્ત સર્ટીફીકેટ દેવાદારો જે ઓ.એ. નં. ૪૬/૧૬ના હુકમ મુજબ તથા તારીખ ૩૦.૦૧.૨૦૧૯ ના હુકમનામા અને ડીક્રી મુજબ બાકી લેણા રૂા. ૪,૨૧,૧૧,૩૫૩.૧૭ વ્યાજ સહીત ચુકવવામાં નિષ્ફળ જતા તા. ૩૦.૦૩.૨૦૨૨ના મારા હુકમ મુજબ નીચે દર્શાવેલ મિલકત જાહેર હરાજી થી ઈ-હરાજી મા ઉપરોક્ત કેસ માં વેચવામાં આવશે. જાહેર હરાજી "ઓનલાઈન ઈ-હરાજી" વેબસાઈટ : https://www.drt.auctiontiger.net પરથી કરવામાં આવશે.

લૉટ	મિલકતનું વર્ણન	અનામત કિંમત (રાઉન્ડ ઓફ)	ઈએમડી ૧૦% અથવા (રાઉન્ડ ઓફ)
૧.	ઔદ્યોગીક પ્લોટ ફેક્ટરીની જમીન જેનું ક્ષેત્રફળ ૨૧૮૬ સ્કે.મીટર અને તેના પર થયેલ બિલ્ડીંગનું બાંધકામ સર્વે નં. ૫૫/૩-એ ખાતે સ્થિત પ્લોટ નં. ૮૯ ઉપર સિલ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ભીમપોર ગામ, નાની દમણ યુનીયન ટરીટરી ઓફ દીવ અને દમણ.	રૂા. ૧૧૧.૦૦ લાખ	રૂા. ૧૨.૦૦ લાખ
૨.	શેડ + વેજીંગ મશીન જે સર્વે નં. ૫૫/૩-એ ખાતે સ્થિત પ્લોટ નં. ૮૯ ઉપર સિલ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ભીમપોર ગામ, નાની દમણ યુનીયન ટરીટરી ઓફ દીવ અને દમણ	રૂા. ૧૩.૧૧ લાખ	રૂા. ૨.૦૦ લાખ
૩.	અફીસ પ્રિમાઈસીસ સ્થાવર મિલકત દુકાન નં. ૩૨૯ અને ૩૩૦, ક્ષેત્રફળ ૨૧૦ સ્કે.ફૂટ દરેક સુપર બિલ્ટ અપ એરીયા ત્રીજા માળે આવેલ બિલ્ડીંગ હીના આર્કેડ નામથી જાણીતી પ્લોટ નં.-એ ખાતે સ્થિત પ્લોટ નં. ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮ ઉપર બંધાયેલ અને એન.એ. જમીનનો સર્વે નં. ૫૪૨ + ૫૪૩ + ૫૪૫ +૫૫૩ + ૫૫૬ + ૧૦૫૦ પૈકી વાપી ખાતે સ્થિત તાલુકો પારડી જીલ્લો વલસાડ ખાતે આવેલ સમગ્ર મિલકત	રૂા. ૧૪.૦૦ લાખ	રૂા. ૨.૦૦ લાખ
૪.	રહેણાંક ઘર સ્થાવર મિલકત રહેણાંક રો હાઉસ નં. સી-૧૨, ક્ષેત્રફળ ૭૫૦ સ્કે.ફૂટ અને સુપર બિલ્ટ અપ એરીયા ૧૧૦૦ સ્કે.ફીટ જગન પાર્ક કો.ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ એન.એ.ની જમીનજેનો સર્વે ૩૦૦/૧ ખાતે બંધાયેલ અને સ્થિત ચાલા ગામની સીમમાં તાલુકો પારડી જિલ્લો વલસાડ ખાતે આવેલ સમગ્ર મિલકત	રૂા. ૧૬.૦૦ લાખ	રૂા. ૨.૦૦ લાખ

ઇએમડી ની રકમ નીચે દર્શાવ્યા ખાતા નં માં RTGS / NEFT મારફતે જમા કરવાની રહેશે.

લાભાર્થી ની બેંક નું નામ	બેંક ઓફ બરોડા,
લાભાર્થી એકાઉન્ટ નં.	૧૭૪૧૦૪૦૦૦૦૦૨૮૯
શાખા નું સરનામું	આરઓએસએઆરબી, તીથલ રોડ શાખા, વલસાડ
IFSC Code	BARBOTITHAL (પાંચમો અક્ષર શૂન્ય છે.)

૧) બીડની રકમ લૉટ નં. ૧ માટે રૂપીયા ૧,૦૦,૦૦૦/- અને અન્ય માટે રૂા. ૧૦,૦૦૦/- થી વધારી શકશે.
૨) ભાવી પ્રસ્તાવકર્તા ઓનલાઇન ટ્રેનિંગ મેળવી શકે છે. સર્વિસ પ્રોવાઇડર મે. ઇ-પ્રોક્યુરમેન્ટ ટેકનોલોજીસ લી. (ટે. હેલ્પલાઇન નં. ૦૭૯ ૬૪૦૦૫૪૧૬ / ૧૭ / ૧૮ / ૧૯) અને શ્રી રામ પ્રસાદ શર્મા (મોબાઈલ નં. ૦૯૯૭૮૫૯૧૮૮૮), હેલ્પલાઇન ઈમેલ આઇડી : support@auctiontiger.net અને મિલકત ને લગતી કોઇપણ માહિતી જાણકારી માટે સંપર્ક શ્રી બી. એસ. ઢાકા, સીનીયર મેનેજર (મો. નં. ૮૦૮૦૧૨૭૩૬૨) નો સંપર્ક કરવો.
૩) ઇચ્છુક પ્રસ્તાવકારો ને પોતાના બિડ મોકલતા પહેલા વેચાણ ની પ્રકિયા, શરતો અને નિયમો ની જાણકારી માટે વેબસાઇટ https://www.drt.auctiontiger.net પર જોઇ લેવાની સલાહ આપવામાં આવે છે. પ્રાસ્તાવીક દરખાસ્તકરોને ચુકવણી શિડ્યુલ જાળવવા સલાહ આપવામાં આવે છે કે ૨૫% (બાદ ઈએમડી) તુરંત જ હથોડો પછાડ્યા પછી / હરીજી પુર્ણ થતા અને ૭૫ % ૧૫ દિવસમાં હરાજીની તારીખ થી અને જો ૧૫ મો દિવસ રવિવાર અથવા બીજી રજાનો દિવસ હોય તો બેંકના પછીના પ્રથમ કામ કાજના દિવસે. એકસટેન્શન માટે ની કોઇપણ વિનંતી માન્ય કરવામાં આવશે નહી. મિલકત "જ્યાં છે ત્યાં છે" "જે છે એ છે" અને "જેવી છે તેવી છે" ના ધોરણે વેચાણ માટે મુકાશે ઇચ્છુક ખરીદનાર ને મિલકતની યોગ્ય તપાસ કરી લેવાની સલાહ આપવામાં આવે છે.
૪) હરાજી નું શિડયુલ નીચે મુજબ રહેશે :-

હરાજીનું શિડયુલ

૧	મિલકતનું નિરીક્ષણ	૨૨.૦૪.૨૦૨૨, સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યા ની વચ્ચે
૨	રિકવરી ઓફ્સર ને ઇએમડી/ દસ્તાવેજો અપલોડ કર્યાની તારીખ પ્રમાણ અને ઇએમડી / દસ્તાવેજો ની હાર્ડ કોપી મોકલ્યા નું પ્રમાણ આપવાની તારીખ	૧૦.૦૫.૨૦૨૨, સાંજે ૦૪.૦૦ વાગ્યા સુધી
૩	ઇ-હરાજી	૧૧.૦૫.૨૦૨૨, બપોર ના ૧૨.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી (૩ મિનિટ ના વિશેષ વધારા સાથે ઈ હરાજી પૂરી થાય ત્યાં સુધી)

અસલ અંગ્રેજીમાં થી અનુવાદ

સિક્કો

વસૂલાત અધિકારી
ઋણ વસૂલી અધિકરણ-II
અમદાવાદ